

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*ચિંતા છે રામલલ્લાને ચૂંટણીમાં પૂછશે કોણ ?*
*બંધાઈ જશે મંદિર, પછી મને પૂજશે કોણ ?*
*પૂરશે કોણ સાથિયા હિંદુત્વના ચૂંટણી મુદ્દે ?*
*સભા-સરઘસે, 'જયશ્રી રામ'થી પોંખશે કોણ?!*
*(રામ રાજ બૈઠે ત્રિલોક । હરષિત ભયે ગએ સબ સોકા ॥)*

### હાઈકુ

*કોમી સંઘર્ષ,*
*ને હવે વનવાસ -*
*રામનું રાજ...*
*(સબ નર કર હિં પરસ્પર પ્રિતી ।*
*ચલહી સ્વધર્મ નિરત શ્રુતિ નિતી ॥)*

*નિસ્બત નો'તો*
*કોઈને ધર્મ સાથે -*
*મત-મમત...*
*(કટ્ટર વિવાદનો અંત)*

### ચિંતન

***યું યું વાપિ સ્મરન્ભાવં ત્યજત્યન્તે કલેવરમ્ ।***
***તં તમેવૈતિ કૌન્તેય સદા તદ્ભાવ ભાવિતઃ ॥***

**ઉપરોક્ત શ્લોક ગીતામાંથી લેવામાં આવેલ છે.**

**માણસ અંતકાળે જે પ્રકારના ભાવનું સ્મરણ કરતાં કરતાં દેહનો ત્યાગ કરે છે, એને જે મળે છે. એટલું જ નહીં, સદાય જે સ્મરણ કરતા હોઈએ એ જ અંતકાળે પણ સ્મરણમાં આવે છે.**

**ગમે તેટલા સારાં કૃત્યો કર્યા હોય, પુણ્યના પોટલે પોટલાં બાંધ્યા હોય, યોગ માર્ગે પણ ઘણા આગળ વધ્યા હોય, છતાં કોઈ કર્માનુસાર પતન થયું હોય, તો એ બધું પણ આખરે તો બંધન જ છે, અને તે માટે ફરી જન્મ તો લેવાનો રહે જ છે. જીવનભર જેવાં કર્મો કર્યા હોય તે પ્રકારનો જન્મ જ મળતો હોય છે.**

**કઠ ઉપનિષદ પ્રમાણે કર્મ અને જ્ઞાન પ્રમાણે કેટલાકને અન્ય જન્મમાં શરીર મળે છે, તો કેટલાકને સ્થાવર-ભાવ મળે છે, અર્થાત્ વૃક્ષ-વનસ્પતિનું સ્વરુપ મળે છે. માટે જ સતત હરિનામનું રટણ કરવું જો ભજે હરિ કો સદા હી 'પરમ પદ' પાયેગા... - બ્રહ્મનાદ.**

### સુવિચાર

- વઢનાર હશે તો માણસ મોક્ષે જશે, જો ન વઢનાર ના હોય તો સ્વચ્છંદ વિહારી થાય. પ્રત્યક્ષ સદ્ગુરુનો યોગ એટલે જ વઢનારો યોગ - **આપ્તસૂત્ર**
- ઉપાધિ ઘટાડે, એનું નામ અક્કલ - **એસ. ભટ્ટાચાર્ય**
- એક નાનું પણ સારું કરમ હિમાલયથી પણ ઉજળું હોય - **ગંગાસતિ**
- સાચા મનષ્યોનાં કર્મ જ મધુર સુગંધ આપે છે, અને માટીમાં પણ ખીલે છે - **બોધીવૃક્ષ**
- શાણો માણસ મિત્રને વિનયથી, ભાઈઓને સન્માનથી, સ્ત્રીને માનથી, સેવકોને દાનથી અને અન્ય માણસોને ચતુરાઈથી વશ કરી લે છે - **હિતોપદેશ**
- સાચી રીતે જોવા જઈએ તો કદાચ એકેય ઉપદેશક એવો નહિ મળે જે પોતાના જ ઉપદેશો અનુસાર જીવતો હોય છે - **મેથીલીશરણ ગુપ્ત**
- આજનું ઔષધ : પીલુડીનું શાક ખાવાથી હરસ મટે છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

જગપ્રસિદ્ધ શિલ્પી માઈકલ એંજેલો ને એક મિત્ર મળવા આવ્યો. ત્યારે માઈકલ એક અદ્ભૂત શિલ્પ તૈયાર કરી રહ્યા હતા. અઠવાડિયા પછી પેલો મિત્ર ફરી. માઈકલ પાસે આવ્યો. અને પેલા શિલ્પમાં કંઈ બહુ પ્રગતિ ન થઈ હોય એવું લાગ્યું. એટલે એમે માઈકલને કહ્યું, 'મિત્ર, આપણે ગયા અઠવાડિયામાં જ મળ્યા પછી આ શિલ્પમાં કંઈ નોંધપાત્ર પ્રગતિ થઈ ન હોય એવું મને લાગે છે.' માઈકલે જવાબમાં કહ્યું, 'ના એવું નથી. આ અઠવાડિયામાં દરમિયાન આ શિલ્પ પાછળ ઘણી મહેનત કરી છે. શિલ્પના ચહેરા પરની એક એક રેખા પર કામ કર્યું છે. કપાળની કરચલીના સળને થોડા ઊંડા કર્યા. તેના ગાલ અને હડપચી પણ થોડા વધુ પ્રયત્નો કરીને પ્રતિભાવાન બનાવન્યા છે. આંખ પરની આઈબ્રોને નવેસરથી બનાવી છે. આટલું કરતા મને સાત દિવસ લાગ્યા છે.' મિત્રએ કહ્યું, 'આટલી બધી મહેનત કરવાની જરૂર શું હતી ? તમારી કળાકૃતિ તો જગ પ્રસિદ્ધ છે.' એંજેલોએ કહ્યું, 'આવી ઝીણવટભરી કામગીરી અને મહેનત કરું છું માટે મારી કળાકૃતિઓ કિંમતી અને પ્રસિદ્ધ છે.' સાર એ જ કે કશીક નોખી-અનોખી કામગીરી ત્યારે જ શક્ય બને જયારે તેમાં પોતાની સંપૂર્ણ કાબેલિયત કામે લગાડીને એની નાનામાં નાની બાબતની પણ કાળજી લેવામાં આવે.

# સત્તાના રાજકારણના વરવા ગઠબંધન

**તંત્રીસ્થાનેથી...**

મહારાષ્ટ્રનું રાજકારણ વિચિત્ર વળાંકે ઊભું છે. ભાજપ-શિવસેના સાથે મળી ચૂંટણી લડ્યા અને જીત્યા તો સામે પક્ષે કોંગ્રેસ અને એનસીપી સાથે મળી લડ્યા અને સત્તાની ગાડી ચૂકી ગયા પરંતુ ભાજપ શિવસેનાના ગઠબંધનમાં શિવસેનાને વાંકુ પડતા ભાજપ સાથે છેડો ફાડી કોંગ્રેસ-એનસીપી સાથે ગોઠવણ કરી શિવસેના સત્તાના સિંહાસન પર આરુઢ થવા તત્પર બની છે. કેવા વિચિત્ર સંજોગોનું નિર્માણ થયું છે. સામે હતા તે સાથે થયા અને સાથે હતાં તે સામે થયા...! આને જ સ્વાર્થી રાજકારણ કહેવાય. મહારાષ્ટ્રનું વિચિત્ર વળાંકે ઊભેલું રાજકારણ દેશની રાજનીતિને નવું સ્વરુપ આપે તો નવાઈ નથી. રાજકીય પરિણામો સ્વાભાવિક જ બદલાતા જાય છે, પરંતુ આટલી હદ સુધી બદલાય ત્યારે રાજકારણ અને રાજકારણીઓ અવિશ્વાસનો ધબ્બો લાગે છે.

મહારાષ્ટ્ર દેશનું મહત્ત્વનું અને પ્રગતિકારક રાજય છે. તેનું સુકાન ભાજપના હાથમાંથી સરી પડે એ વાક્ય સરળતાથી સ્વીકારી શકાય તેમ નથી. આમ છતાં આ કડવી વાસ્તવિકતા સ્વીકારવી જ રહી. ભાજપ અને શિવસેનાની વિચારધારા એક રહી છે. અઢી-ત્રણ દાયકાથી એકમેકની પડખે રહીને કોંગ્રેસને અને એનસીપીને ભાંડી છે. એ સ્વયં સ્પષ્ટ છે, પરંતુ મુખ્યમંત્રી પદની લાલસામાં કોંગ્રેસ અને એનસીપી જેવા જાની દુશ્મનોનો સાથ લઈ શિવસેના કેવી રીતે સત્તા પચાવશે અને ટકાવશે...?! અને એવું જ કંઈક કોંગ્રેસ અને એનસીપીનું પણ છે કે જેમણે વર્ષો સુધી શિવસેનાને ભેટ પરીને ગાળો દીધી છે. એમની સાથે રહીને સત્તામાં ભાગીદારી કેટલી ફળશે અને કેવી ફળશે એ તો આવનારા દિવસો જ કહેશે. આમ છતાં કોંગ્રેસ અને એનસીપીના સમર્થથી સરકાર રચવા જઈ રહેલ શિવસેના સ્થિર અને સશક્ત સરકાર આપે એવી મહારાષ્ટ્રની પ્રજા અપેક્ષા રાખે છે.

પાયાનો પ્રશ્ન તો એ છે કે આ સંજોગોનું નિર્માણ કેમ થયું ?! એવો તો શું વાંધો પડ્યો કે શિવસેનાએ વર્ષો જૂના સાથી પક્ષ ભાજપને રામ-રામ કર્યા. અરે અત્યારે દેશભરમાં ભાજપનો જયજયકાર થઈ રહ્યો છે અને મોદી સરકાર સોળે કળાએ ખીલીને હિંદુત્વ વિચારધારાના અમલ માટે એક બાદ એક પરાક્રમી પગલાં ભરી રહી છે ત્યારે જ શિવસેનાનો નિર્ણય ચિંતા ઉપજાવે છે. કોઈ માને કે ના માને પણ કોઈક મોટો વાંધો પડ્યો છે... કંઈક મોટું વચનભંગ થયું છે....! શિવસેનાની લાગણીને ભાજપ દ્વારા ભયાનક ધક્કો લાગ્ય છે અને ત્યારે જ આવું કાંઈક થઈ શકે. નહિ તો ભાજપનું ક્રાઈસીસ મેનેજમેન્ટ દેશની રાજનીતિમાં વખણાય છે. ગૃહમંત્રી અમિત શાહની ચાણક્યનીતિના ભરપેટ વખાણ થાય છે. ત્યારે જ ભાજપે કોઈ પણ જાતની તડજોડ કે મનામણા કર્યા સિવાય સત્તાથી દૂર રહેવાનું પસંદ કર્યુ એ વિચારણીય મુદ્દો છે. માત્ર ૨ ધારાસભ્યો ચૂંટાયા હોવા છતાંય સરકાર રચવામાં પારવધી ભારતીય જનતા પાર્ટી એ મહારાષ્ટ્રમાં સૌથી મોટી પાર્ટીનું સ્થાન મેળવ્યા છતાં સરકાર રચવામાં પીછેહઠ કરી છે ત્યારે 'દાળમાં કંઈક કાળું છે...!' એમ વિચારવાનું મન ચોક્કસ થાય છે.

હા...! પરિમાણો વિચિત્ર છે. ન માનવામાં આવે તેવા સંજોગો છે...! આમ છતાંય માનવું પડે તેવી વાસ્તવિકતાઓ છે. ભાજપના અભેદ કિલ્લામાંથી જાણે કાંકરો ખરી પડયો હોય તેવો અહેસાસ થાય છે. રાજકીય પંડિતો તો આને શરુઆત કહે છે...! પણ એવું માનવાને અને લખવાને હજુ થોડું વહેલું ગણાય. ભાજપે પણ અહંકાર છોડીને આત્મમંથન કરવાનો સમય આવી પહોંચ્યો છે. કારણ કે સૌથી નિકટના સાથી શિવસેનાથી છૂટા થવું ભલે હળવાશથી લેવાતું હોય પરંતુ આગામી દિવસોમાં આ ચીલો માર્ગ ના બની જાય તેની કાળજી આવશ્યક છે અને સૌથી મોટી ચિંતા દેશને સતાવે છે કે સત્તા માટે સિદ્ધાંતોને બાજુએ મુકી કેટલી હદ સુધી રાજકીય સોદાબાજી થઈ શકે છે. રાજકીય પરિણામ જે આવે તે પણ રાજકારણથી પ્રજાનો વિશ્વાસ ઘટતો જાય છે. એ નિર્વિવાદ વાત છે.

# માણસનું કામ, તેમાં રહેલી ગુણવત્તા અને સાહજિકતા જ બોલે છે



**અજવાળું - અજવાળું**

તુષાર જોશી

'બેટા, કામ કરશો ને તો વહાલા લાગશો.... ઉંમર પ્રમાણે, ઘરકામ શીખતાં જ જવું પડે, પછી ભલે તમે જીવનમાં એવા ઠરીઠામ થાવ કે તમારે સ્વયં કોઈ કામ કરવાનું ના આવે... પણ શીખવું તો બધ્ધું જ...'

દિવાળી દિવસો હતા. ઘરમાં વરહ આખાનો કચરો સાફ થઈ રહ્યો હતો. દાદી પણ એ સફાઈમાં પુત્રવધુ સાથે જોડાયા હતા અને યુનિવર્સિટીમાં ભણતી દીકરીને ઘરકામ માટે પ્રોત્સાહિત કરી રહ્યા હતા. દીકરી પણ સાફસફાઈ અને ઝાડુ-ઝૂપડમાં જોડાઈ ને આવડે, એવી મદદ કરવા લાગી... અને પછી હસતા હસતા કહે, 'તો પછી ડેડીને પણ કામમાં જોડાવું જોઈએને ?' એટલે બાએ તુરત કહ્યું, 'હા, સાચી વાત છે, પુરુષ હોય કે સ્ત્રી, ઘરકામ તો જાતે જ કરવા જોઈએ.'

આ વાતને બરાબર યાદ રાખીને જેવા ડેડી ઘરમાં આવ્યા એટલે તુરંત કહ્યું 'લો, ડેડી હવે તમે પણ દિવાળીના કામમાં લાગી જાવ, આ તમારા પુસ્તકોના ને કપડાના કે કવિતાના ને અખબારોમાં કલીપીંગના કબાટો અને ઘોડાઓ સાફ કરો... ને આજની તારીખે નકામુ હોય તે ઓછું કરો, કારણ કે નવા વરસમાં પાછું નવું કેટલુંય આવશે...' ને દીકરીની વાતો સાંભળીને ડેડી પણ ઘરકામમાં હંમેશની જેમ જોડાયા...

સાંજે બધા જમીને સાથે બેઠા હતા, રંગોળી કરતા હતા ત્યારે બાએ એક પુસ્તક કાઢ્યું જે તેઓ હમણાં વાંચતા હતા... અરધી સદીની વાચન યાત્રા... ભાગ-૨ મહેન્દ્ર મેઘાણીએ અનેક લેખકોના લેખ-કવિતા એમાં સંપાદિત કર્યા છે... એમાં એક નાનકડો પ્રસંગ ગુજરાતની ઈલાબેન પાઠકે લખ્યો છે તે સહુને વાંચી સંભળાવ્યો જે કાંક આવો હતો... શબ્દો ઈલાબેન પાઠકના છે.

'અમે દાદીમાને મા કહેતા, ત્યારે અકારી લાગતી ઉપયોગી શીખ અનેકવાર સાંભરી આવે છે.'

તે જે કહેતા તે છેલ્લા ચાલીશ-પચાસ વર્ષથી જોતી આવી છું કે તેવું ને તેવું પ્રસ્તુત રહ્યું છે અને વ્યવહારું પણ. તેઓ કહેતા, 'કોઈને ચામ વહાલું નથી, કામ વહાલું છે. આગળ પડીને કામ કરી દઈશ, તો સૌ કોઈ તને બોલાવશે. જયાં જઈએ ત્યાં 'લાવો હું કરું' કહીએ તો સમાને વહાલા લાગીએ, ઘરમાં, નોકરીમં, કે સામાજિક કાર્યમાં ચામ વહાલું નથી, કામ વહાલું છે તે જોતી આવી છું.'

આટલું કહીને બા એ ઉમેર્યું કે જુઓ તમે તમારા જીવનમાં પણ આવું અનુભવ કરી શકશો... 'પછી ઉમેર્યું કે 'ચાહે દેશમાં હો કે વિદેશમાં, જયાં જેના ઘરે જીએ - રહીએ, એને અનુકૂળ થાવ, એના ગમા-અમગમા મુજબ ગોઠવાઈ જાવ, જે સુવિધાઓ છે તે ઉત્તમ છે એવું એમને જણાવતા રહો તો યજમાન રાજી રહેશે ને તમારા સંબંધો પણ વધુ મજબૂત બનશે...'

બાની વાતોમાં રહેલો સચ્ચાઈનો રણકો અને અનુભવ સમૃદ્ધિ બિલકુલ સાચા હતા અને એ વાતની અનુભૂતિ સહુને હતી એટલે દિવાળી નિમિત્તે એક સરસ મજાના - કર્મના દિવડાનો પ્રકાશ જાણે રેલાયો એવું સહુને અનુભવ્યું.

●●●

વાત બહુ મજાની છે, આખરે બાહ્ય દેખાવ કે મોટી મોટી વાતો નહિ, માણસનું કામ, તેમાં રહેલી ગુણવત્તા અને સાહજિકતા જ બોલે છે. જયાં પણ હોઈએ ઘર-પડોશ-સોસાયટી, ઓફિસ કે સમાજ, કામમાં પહેલા હોય, આગળ પડતા હોય, તેને સહુ આદર આપે છે. આમ જયાં જયાં કર્મના દીવડા પ્રગટે છે. ત્યાં ત્યાં આવકારના અજવાળા રેલાય છે.

# કોણાર્ક - જયાં પથ્થરની ભાષા માનવની ભાષાને અતિક્રમી જાય છે : રવીન્દ્રનાથ ટાગોર



**વિચારયાત્રા**

ડો. જય ઓઝા

આપણે જીવનથી ભાગવા માટે પ્રવાસ નથી કરવાનો પણ એ જીવન માટે પ્રવાસ કરીએ છીએ કે જે આપણી કંટાળાજનક એકધારી સૂત્રાત્મકતાથી ક્યાંક ન ચાલ્યુ જાય.પ્રવાસ તો જાત સાથેનો સહવાસ પામવાનો અવસર પ્રદાન કરે છે. કાકા કાલેલકરે ''હિમાલયનો પ્રવાસ'' પુસ્તકમાં લખ્યું છે કે- ''મુસાફરી કરવા માટે મારે હેતુ કે પ્રયોજન જોઈતું જ નથી...ન જવા માટે કંઈ કારણ હોય, જવા માટે કારણ શા માટે જોઈએ? નદીને કોઈએ પૂછ્યું કે તું કેમ વહે છે? જ્યારે એ વહેતી અટકે ત્યારે જ બધા આશ્ચર્ય કરે છે.''

આ વખતે નવા વર્ષનો પ્રારમ્ભ અરૂણનાં આરાધ્ય સ્થાન કોણાર્ક(ઓડિશા ) જઈને કરવો તેવો સંકલ્પ ચાર મહિના પહેલા કર્યો હતો. અને આ સુવર્ણપળનો રોમાંચક રોમહર્ષણ અનુભવ અમે ત્યાં જઈને અનુભવ્યો. શીર્ષસ્થ લેખ પંક્તિમાં કવિવર રવીન્દ્રનાથ ટાગોર લિખિત આ વાક્ય મૂક્યા પછી કંઈપણ લખવું તે કાગળ કાળો કર્યા બરાબર છે. અને માટે જ આ લેખમાં માત્ર આપવાચકો અને કોણાર્કનાં બોલતા શિલ્પ વચ્ચે આલંકારિક વર્ણનો કરવાની કુચેષ્ટા કર્યા વગર આ સ્થળની માહિતી અને ઈતિહાસ આપના સુધી પહોંચતો કરવાનો નમ્ર પ્રયાસ કર્યો છે.

કોણાર્ક સૂર્ય મંદિર , ભારતના ઑડિશા (ઓરિસ્સા) રાજ્ય ના પુરી જિલ્લા ના પુરી નામક શહેરથી ૬૦ કિ.મી. દૂર સ્થિત છે. આ મંદિરને લાલ બલુઆ પત્થર તથા કાળા ગ્રેનાઈટ પત્થર થી ઈ.સ. ૧૨૩૬– ૧૨૬૪ માં ગંગ વંશના રાજા નૃસિંહદેવ દ્વારા બંધાવવામાં આવ્યું. આ મંદિર, ભારતના સૌથી પ્રસિદ્ધ સ્થળોમાંનુ એક છે. યુનેસ્કો દ્વારા સન ૧૯૮૪માં વિશ્વ ધરોહર સ્થળ ઘોષિત કરાયું છે. કલિંગ શૈલી માં નિર્મિત આ મંદિર સૂર્ય દેવના રથના રૂપ માં નિર્મિત છે. આને પત્થર પર ઉત્કૃષ્ટ નક્શી કરીને ખૂબ જ સુંદર બનાવાયા છે. સંપૂર્ણ મંદિર સ્થળને બાર જોડી ચક્રોવાળા, સાત ઘોડા થી ખેંચાતા સૂર્ય દેવ ના રથના રૂપમાં બનાવ્યા છે. મંદિર પોતાની કામુક મુદ્રાઓ વાળી શિલ્પાકૃતિઓ માટે પણ પ્રસિદ્ધ છે. આજે આનો ઘણો ભાગ ધ્વસ્ત થઈ ચુક્યો છે. આનું કારણ વાસ્તુ દોષ તથા મુસ્લિમ આક્રમણો કહેવાય છે. અહીં સૂર્યને બિરંચિ-નારાયણ કહેતા હતાં.

આ મંદિર સૂર્ય દેવના રથના રૂપમાં નિર્મિત છે. આને પત્થર પર ઉત્કૃષ્ટ નક્શી કરીને ખૂબ જ સુંદર બનાવાયું છે. સંપૂર્ણ મંદિર સ્થળને એક બાર જોડી ચક્રોવાળા, સાત ઘોડાથી ખેંચાતા સૂર્ય દેવના રથના રૂપમાં બનાવાયું છે. મંદિરની સંરચના, જે સૂર્યના સાત ઘોડા દ્વારા દિવ્ય રથને ખેંચવા પર આધારિત છે, પરિલક્ષિત હોય છે. હવે આમાંથી એક જ ઘોડો બચ્યો છે. આ રથના પૈડાં, જે કોણાર્કની ઓળખ બની ગયા છે, ઘણાં ચિત્રોમાં દેખાય છે. મંદિરના આધાર ને સુંદરતા પ્રદાન કરતા આ બાર ચક્ર વર્ષના બાર મહિના ને પ્રતિબિંબિત કરે છે જ્યારે પ્રત્યેક ચક્ર આઠ આરાથી મળી ને બન્યો છે જે દિવસના આઠ પહોરને દર્શાવે છે.

મુખ્ય મંદિર ત્રણ મંડપોમાં બનેલ છે. આમાંથી બે મંડપ પડી ગયા છે. ત્રીજા મંડપમાં જ્યાં મૂર્તિ હતી ત્યાં અંગ્રેજોએ ભારતીય સ્વતંત્રતા પૂર્વ જ રેતી અને પત્થર ભરાવી બધાં દ્વારોને સ્થાયી રૂપે બંધ કરાવી દીધા હતાં, જેથી તે મંદિર વધુ ક્ષતિગ્રસ્ત ના થઈ શકે. આ મંદિરમાં સૂર્ય ભગવાનની ત્રણ પ્રતિમાઓ છેઃ

- બાલ્યાવસ્થા-ઉદિત સૂર્ય- ૮ ફીટ
- યુવાવસ્થા-મધ્યાહ્ન સૂર્ય- ૯.૫ ફીટ
- પ્રૌઢાવસ્થા-અસ્ત સૂર્ય-૩.૫ ફીટ

મંદિરના પ્રવેશ પર બે સિંહ હાથીઓ પર આક્રમક થતા રક્ષામાં તત્પર દેખાડ્યાં છે. આ સંભવતઃ તત્કાલીન બ્રાહ્મણ રૂપી સિંહોંનું બૌદ્ધ રૂપી હાથીઓ પર વર્ચસ્વનું પ્રતીક છે. બંને હાથી, એક-એક માનવ ઊપર સ્થાપિત છે. આ પ્રતિમાઓ એક જ પત્થરની બનેલી છે. આ ૨૮ ટનની ૮.૪ ફીટ લાંબી ૪.૯ ફીટ પહોળી તથા ૯.૨ ફીટ ઊંચી છે. મંદિરના દક્ષિણી ભાગમાં બે સુસજ્જિત ઘોડા બનેલા છે, જેમને ઑડિશા સરકારે પોતાના રાજચિહ્નના રૂપમાં અંગીકાર કરી લીધા છે. ૧૦ ફીટ લાંબા અને ૭ ફીટ પહોળા છે. મંદિર સૂર્ય દેવની ભવ્ય યાત્રાને બતાવે છે. આના પ્રવેશ દ્વાર પર જ નટ મંદિર છે. આ તે સ્થાન છે, જ્યાં મંદિરની નર્તકિઓ, સૂર્યદેવ ને અર્પણ કરવા માટે નૃત્ય કરતી હતી. પૂરા મંદિરમાં જ્યાં ત્યાં ફૂલ-વેલ અને ભૌમિતીક નમૂનાની નક્શી કરવામાં આવી છે. આ સાથે જ માનવ, દેવ, ગંધર્વ, કિન્નર આદિની આકૃતિઓ પણ દર્શિત છે. આમની મુદ્રાઓ કામુક છે, અને કામસૂત્રથી લેવાઈ છે. અહીંની શિલ્પ કળાકૃતિઓ નો એક સંગ્રહ, ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ વિભાગ ના સૂર્ય મંદિર સંગ્રહાલય માં સુરક્ષિત છે.ઈન્ડિયન ઓઈલનાં સહયોગથી મંદિર પરિસરની બહાર અદભૂત સંગ્રહાલય બનાવવામાં આવ્યું છે.

આ મંદિરનો નિર્માણ સમય તેરમી સદીનો મનાય છે, અહીંના સ્થાપત્ય અનુપાત દોષો રહિત તથા ગુણોત્તર આશ્ચર્યચકિત કરવાવાળા છે. અહીંની સ્થાપત્યકળા વૈભવ તથા માનવીય નિષ્ઠાના સૌહાર્દપૂર્ણ સંગમ છે. મંદિરની પ્રત્યેક ઈંચ, અદ્વિતીય સુંદરતા અને શોભાની શિલ્પાકૃતિઓથી પરિપૂર્ણ છે. આના વિષય પણ મોહક છે, જે સહસ્ત્ર શિલ્પ આકૃતિઓ ભગવાન, દેવતાઓ, ગંધર્વો, માનવો, વાદ્યકો, પ્રેમી યુગલો, દરબારની છબીઓ, શિકાર તથા યુદ્ધના ચિત્રોથી ભરેલ છે. વચ્ચે વચ્ચે પશુ-પક્ષીઓ (લગભગ બે હજાર હાથી, કેવળ મુખ્ય મંદિરના આધારની પટ્ટી પર ભ્રમણ કરતા) અને પૌરાણિક જીવો, સિવાય મહીન અને પેચીદા વેલ બૂટા તથા ભૌમિતીક નમૂના અલંકૃત છે. ઑડિયા શિલ્પકળાની હીરા જેવી ઉત્કૃષ્ત ગુણવત્તા પૂરા પરિસરમાં અલગ દેખાય છે.

આ મંદિર પોતાની કામુક મુદ્રાઓ વાળી શિલ્પાકૃતિઓ ના માટે પણ પ્રસિદ્ધ છે.આ પ્રકારની આકૃતિઓ મુખ્યતઃ દ્વારમંડપના દ્વિતીય સ્તર પર મળે છે. હજારો માનવ, પશુ તથા દિવ્ય લોકો આ જીવન રૂપી મેળામાં કાર્યરત દેખાય છે, જેમાં આકર્ષક રૂપે એક યથાર્થવાદનો સંગમ કરેલો છે. આ ઑડિશાની સર્વોત્તમ કૃતિ છે. આની ઉત્કૃષ્ટ શિલ્પ-કળા, નક્શ, તથા પશુઓ તથા માનવ આકૃતિઓનું સટીક પ્રદર્શન, આને અન્ય મંદિરોથી ઘણું બેહતર સિદ્ધ કરે છે.

સૂર્ય મંદિર ભારતીય મંદિરોની કલિંગ શૈલીનું છે, જેમાં કોણીય અટ્ટાલિકા (મીનાર રૂપી) ની ઉપર મંડપની જેમ છત્રી ઢંકાયેલી હોય છે. આકૃતિમાં, આ મંદિર ઑડિશાના અન્ય શિખર મંદિરોથી ખાસ ભિન્ન નથી લાગતું. ૨૨૯ ફીટ ઊંચા મુખ્ય ગર્ભગૃહ ૧૨૮ ફીટ ઊંચી નાટ્યશાળ સાથે જ બનેલ છે. આમાં બહાર નિકળેલી અનેક આકૃતિઓ છે. મુખ્ય ગર્ભમાં પ્રધાન દેવતાનો વાસ હતો, કિંતુ તે હવે ધ્વસ્ત થઈ ચુક્યો છે. નાટ્યશાળા હજી પૂરી બચી છે. નટ મંદિર તથા ભોગ મંડપ ના અમુક જ ભાગ ધ્વસ્ત થયાં છે. મંદિર નું મુખ્ય પ્રાંગણ ૮૫૭ ફીટ X ૫૪૦ ફીટ નું છે. આ મંદિર પૂર્વ - પશ્ચિમ દિશા માં બનેલ છે. મંદિર પ્રાકૃતિક હરિયાળી થી ઘેરાયેલ છે.

ચુમ્બક પત્થર

ઘણી કથાઓ અનુસાર, સૂર્ય મંદિરના શિખર પર એક ચુમ્બક પત્થર લાગેલ હતો. અને આ ચુંબકનાં કારણે સૂર્યમૂર્તિ શૂન્ય ગુરુત્વાકર્ષણથી હવામાં અધ્ધર રહેતી હતી. પરંતુ શક્તિશાળી ચુંબકનાં પ્રભાવથી, કોણાર્કના સમુદ્રથી પસાર થતાં સાગરજહાજ, આ તરફ ખેંચાઈ આવતા હતા, જેથી તેને ભારી ક્ષતિ થઈ જતી હતી. એક અન્ય કથા અનુસાર, આ પત્થરના કારણે

અનુસંધાન પાના નં ૫ પર

# વાત એક એવા પ્રદેશની કે જ્યાં કેમેરા ઉપરથી આંગળી હટાવવાનુ મન જ ન થાય...



**આત્મનાદ**

પુલક ત્રિવેદી
pulak63@gmail.com

થોડો વગડાનો શ્વાસ મારા શ્વાસમાં,
પહાડોનાં હાડ મારા પિંડમાં ને
નાડીમાં નાનેરી નદીઓના નીર;
છાતીમાં બુલબુલનો માળો ને
આંગળીમાં આદિવાસીનું તીણું તીર;
રોમ મારાં ફરકે છે ઘાસમાં,
થોડો વગડાનો શ્વાસ મારા શ્વાસમાં,
સૂરજનો રંગ મારાં પાંદડા પિયે ને
પિયે માટીની ગંધ મારા મૂળ;
અર્ધુ તે અંગ મારું પીળા પતંગિયાં ને
અર્ધું તે તમરાંનુ કુળ;
થોડો અંધારે, થોડો ઉજાસમાં,
થોડો ધરતીમાં, થોડો આકાશમાં,
થોડો વગડાનો શ્વાસ મારા શ્વાસમાં.

કેરળની ભુમિ ઉપર ફરતા કવિ જયંત પાઠકની આ રચના ઉછાળા મારી મારીને હદયમાંથી બહાર આવી જાય. એક એવા પ્રદેશમાં જવાનો અવસર મળ્યો કે જ્યાં ઈશ્વરે ખુલ્લા દિલે પ્રકૃતિની લાલ... સોરી લીલી જાજમ બીછાવી છે. સુંદર મજાનો હરિયાળો પ્રદેશ અને લાગણીભીના લોકો હોય પછી તો પુછવુ જ શું ? એક નાનકડા પણ યાદ રહી જાય એવા પ્રસંગથી કેરળની સફરે લઈ જવા છે.

સવારનો સાતેક વાગ્યાનો સુમાર હતો. આગલી રાત્રે પડેલા ધોધમાર વરસાદ બાદ થિરુવનંથપુરમની સડક, વનરાજી અને બિલ્ડિંગો સઘળુય સવારના કુમળા તડકામાં સાફ સુથરા વધુ સુંદર લાગતું હતું. હોટલમાંથી પ્રવાસીઓને પ્રેમસભર સ્મિત સાથે તેના વાહનમાં આવકારી ડ્રાયવર રાજેશ્વરે વિષ્ણુ ભગવાનનો શ્લોક બોલીને ગાડી સ્ટાર્ટ કરી. શહેરના પરા વિસ્તાર પાસે લગભગ ૮૦ની સ્પીડ ઉપર ચાલતા વાહનને રાજેશ્વરે બ્રેક મારી ધીમી કરી. વાહન થોડું સાઈડ ઉપર લઈ બે હાથ જોડી નમન કરીને એણે એક રૂપિયાનો સિક્કો બારી બહાર હવામાં પધરાવી દીધો. વાહનમાં બેઠેલા મેં પૂછ્યું, 'આમ કેમ કર્યું ?' એણે જવાબ આપ્યો. 'સર, અહીં વિષ્ણુ ભગવાનનું મંદિર છે. વિષ્ણુ ભગવાન મારી અને મારા પરિવારની રક્ષા કરે એવી દુઆ માંગીને મેં પ્રભુના ચરણોમાં નાનકડી ભેટ અર્પણ કરી. હું જ્યારે જ્યારે આ રસ્તે પસાર થાઉં છું ત્યારે આમ કરું છું. મોટાભાગે અહીંથી પસાર થતાં બધા જ ડ્રાઈવર ભાઈઓ આમ જ કરે છે.'



મારા આઠ દિવસના પ્રવાસ દરમિયાન ઊડીને આંખે વળગે એવી વાત મેં નોંધી છે કે, અહીંના લોકોનો મૈત્રીપૂર્ણ સ્વભાવ અને ધર્મપરાયણતા ખુબ ઊંચી છે. અહીં દસમાંથી સાત લોકોના નામ વિષ્ણુ, મુકુન્દન, માધવન, મોહન, શિવ, શંકર એમ ભગવાનના હોય છે. પાંચ તારક હોટલ હોય કે રસ્તામાં કે શેરીમાં કોઈ મલયાલમીને મળો તો સ્મિત સાથે ઉષ્માસભર આવકાર આપવા તત્પર જ હોય. ભારતના સુંદર સમુદ્ર કિનારાઓ પૈકીનો એક એવો કોવલમ બીચ ઉપર હોવ કે એલપ્પીના બેક વોટરની હાઉસ બોટમાં હોવ કેરાલિયન લોકો હાથ હલાવતા સસ્મિત તમારું અભિવાદન કરતા જોવા મળે જ મળે. છીછરા પાણી અને નીચા ભરતીના મોજાના કારણે કેરળનો કોવલમ બીચ પશ્ચિમી દેશોના લોકોમાં ખાસો લોકપ્રિય છે.

દેશમાં સો ટકા શિક્ષિત પ્રજા ધરાવતા કેરાલા રાજ્યની રચના નવેમ્બર તારીખ ૧, ૧૯૫૬ના રોજ થઈ ત્યારથી અહીંના લોકોમાં તેમની મલયાલમ ભાષા પ્રતિ પ્રેમ અને ગૌરવ દાદ માગી લે એવા રહ્યાં છે. અહીં બસ કે ટૂક ટૂક ડ્રાયવર(ઑટો રીક્ષાને કેરળમા ટૂક ટૂક કહે છે) કે નાનો કોઈ કામદાર હોય, દરેક આવશ્યકતા અનુસાર અંગ્રેજી બોલે છે પણ મલયાલમ ભાષા માટે એમને ભરપુર આદર અને પ્રેમ છે. માતૃભાષા માટેનો કેરાલીયનોને પ્રતિપળ છલકાતો ભાવ જોઈએ ત્યારે જાણે અજાણે ગુજરાતી ભાષા માટે કામ કરતા યોદ્ધાઓ નજર સામે તરવરવા લાગે. કેરળની રાજધાની થિરુવનંથપુરમમાં સૌથી મોટું ટેકનો પાર્ક છે. અહીં ઈન્ફોસીસથી માંડીને દેશ-વિદેશની જાયંટ ઈલેક્ટ્રોનિક્સ કંપનીઓની પ્રમુખ ઓફિસોમાં લાખો લોકો કામ કરે છે.

કેરળમાં ૫૬ ટકા હિન્દુ, ૨૫ ટકા મુસલમાન અને ૧૯ ટકા ખ્રિસ્તી સમુદાયની વસતી છે. થિરુવનંથપુરમમાં આવેલું પદ્મનાભ સ્વામી મંદિર સૌથી અમિર મંદિર છે. બ્રહ્મા પુરાણ, મત્સ્ય પુરાણ, વરાહ પુરાણ, પદ્મ પુરાણ, ભાગવત અને મહાભારત જેવા પૌરાણિક શાસ્ત્રોમાં આ મંદિરના ઉલ્લેખો જોવા મળે છે. ઈસ્વીસન ૬૨૯માં સૌથી પહેલી મસ્જિદ કેરળના થ્રીસુરમાં બની. ભારતમાં સૌથી પહેલું ચર્ચ પણ કેરળમાં જ બન્યું છે. કેરળની ૬૦ ટકા વસતી કૃષિના વ્યવસાય સાથે સંકળાયેલી છે. અહીં પ્રત્યેક ગામમાં હોસ્પિટલ અને પ્રાથમિક શાળા છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝર(WHO) અને યુનિસેફના મતે કેરળ બાળકો માટે સૌથી અનુકુળ રાજ્ય છે. અહીં ૯૫ ટકા બાળકોનો જન્મ હોસ્પિટલમાં જ થાય છે. અહીંના મરી મસાલા વિશ્વમાં મશહુર છે. ડાંગર કેરળનો મુખ્ય પાક છે. લોકોનાં ભોજનમાં પણ ભાત મુખ્ય આઈટમ છે. અહીંનું એલપ્પી શહેર એનાં બેકવોટરની સાથે સાથે વિશાળ પેડ્ડી ફિલ્ડના કારણે જાણીતું છે. અહીંનુ યુરોપીયન એટમોસપિયર મનલુભાવન છે. ઘડીકમાં વરસાદ અને ઘડીકમાં ઉઘાડ કેરળ રાજ્યની બ્યુટીમાં ચાર ચાંદ લગાવે છે. એમ કહેવાય છે કે, પ્રેક્ટિકલી કેરળમાં બે જ રૂતુઓ છે. આઠ મહિના ચોમાસુ અને ચાર મહિના ઉનાળો.

કેરળની આયુર્વેદ મસાજ દુનિયાભરના લોકોનું આકર્ષણનું કેન્દ્ર છે. મારી સાથે આવેલા મિત્ર સુનિલભાઈ શાહને ચાલવાને કારણે પગમાં ઢીચણથી માંડીને એડી સુધી સખત દુખાવાની કમ્પ્લેન હતી. એમણે એલપ્પીના એક આયુર્વેદ કેન્દ્રમાં મસાજ કરાવી. ૪૫ મિનિટની એક મસાજ સેશન પછી સુનિલભાઈએ અત્યંત રાહત અનુભવી. કેરળમાં અદભુત કુદરતી સૌંદર્ય, સ્વચ્છ હવા, શુદ્ધ પાણી હોવાથી સ્વાભાવિક રીતે જ અહીં માણસનું આયુષ્ય લાંબુ હોય છે. કેરળની એક વિશેષતા એ પણ છે કે, અહીં મહિલાઓની સંખ્યા પુરૂષ કરતાં વધુ છે. કેરળમાં દર હજાર પુરુષે ૧૦૪૮ મહિલા છે. અહીં સાક્ષરતા વધુ છે પણ જાણીને આશ્ચર્ય થાય કે, બેરોજગારી પણ અહીં ઘણી છે. મજાની વાત એ છે કે, ગુજરાતમાં નોકરી માટે ઘણા કેરાલિયન જોવા મળ્યા એમ કેરળની હોટલોના ગ્રાઉન્ડ સ્ટાફમાં અરૂણાચલ પ્રદેશ, નેપાળી અને અસામી વધુ જોવા મળ્યા. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) ના અહેવાલ પ્રમાણે વિશ્વના ૫૦ સૌથી સ્વસ્થ રાજ્યોમાં કેરળનો સમાવેશ થાય છે. ત્યાંના એક સ્થાનિક મિત્રએ ચોંકાવનારી હકીકત જણાવી કે, આત્મહત્યાના કિસ્સા પણ કેરળમાં વિશેષ જોવા મળે છે.

આ રાજ્યનું નામ કેરળ કેવી રીતે પડ્યું એની પાછળ તથ્ય છે. મલયાલમ ભાષામાં 'કેરા' એટલે નાળિયેરના વૃક્ષ અને 'આલમ'નો અર્થ ધરતી થાય. 'કેરળ' એટલે નાળિયેરીના વૃક્ષોની ધરતી એમ કહેવાય છે. રામાયણ અને મહાભારતમાં કેરળના મંદિરો અને વિવિધ વિસ્તારનો ઉલ્લેખ જોવા મળે છે.

અનુસંધાન પાના નં ૫ પર